તારીખ : ૧૫/૦૬/૨૦૨૩

# નોટીસ

(રજી. પોસ્ટ એ. ડી.થી.)

પ્રતિશ્રી,

(૧) શ્રીક્રિષ્ણા ઈલેકટ્રોનીકસ

સરનામું : ફસ્ટ ફલોર, સામરાજય કોમ્પ્લેક્ષ,

જયોતિનગર ટ્રનીંગ પાસે, ઝાડેશ્વર રોડ, ભરૂચ

(૨) એલ.જી.– ઈશા એન્ટરપ્રાઈઝસ

સરનામું :જી.એફ ૧૭/૧૮, એલ ફલાક રેસીડેન્સી,

શેરપુરા,દહેજ બાયપાસ, ભરૂચ

હમો એડવોકેટશ્રી સંજય પી.સોની રહેવાસી– ભરૂચનાં તે અમારા અસીલ જયેશકુમાર નામદેવભાઈ ગોહિલ રહેવાસી– ૬૨, જુનીવાડી, વંસત મિલની ચાલ, કોન્વેન્ટ સ્કુલ સામે, ભરૂચ નાંઓ તરફે મળેલ ખાસ સુચના અને ફરમાઈશ અન્વયે આ નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે નોટીસ આપી જણાવવાનું કે,

(૧) અમોનાં અસીલે એલ.જી. કંપનીનું ફ્રીઝ LG 284 LTR REF. T 302 RSPN (4 STAR) મોડલ વાળું ફ્રીઝ તા. ૨૫/૧૦/૨૦૧૯ ના રોજ ડીલીવેરી ચલણ નં. ૩૫૯૨૭ થી રૂા. ૩૫,૭૯૦/– રોકડામાં ચુકવી તમો પાસેથી ખરીદેલ અને જેની ડીલીવરી અમારા અસીલને કરવામાં આવેલી. અમોના અસીલે ઉપરોકત ફ્રીઝ તમો પાસેથી ખરીદેલ તેના થોડા સમય સુધી સારી રીતે ચાલેલ અને તેના એકાદ વર્પ બાદ ફ્રીજના કોમ્પ્રેસમાં ખામી હોવાના કારણે ફ્રીઝની અંદરની કુલીંગ બરાબર કરતુ ન હતું અને અમોના ફ્રિઝની દસ વર્ષ કંપની ધ્વારા વોરંટી આપવામાં આવેલી. તેથી આ બાબત અંગે ફરીયાદ કરતા ઘરે આવી તે રીપેરીગ કરેલ અને તે બદલનો અમો પાસે સર્વિસ ચાર્જ અને અન્ય ખર્ચાઓ લીધેલા છતાં પ્રોબલનું નિરાકરણ આવેલ નહી.

(૨) અમોએ આટલી માતબર રકમ ખર્ચી નવું પેટીપેક ફ્રિઝ ખરીદેલું અને તેમા પ્રથમથી જ એક યા અન્ય પ્રકારે ખામીઓ હોય આ બાબતની વારંવાર ફરીયાદો સર્વિસ

સ્ટેશનને કરેલ અને ત્યાં બે–ત્રણ વખત સર્વિસ સ્ટેન્ટરે લઈ જઈ રીપેરીગ કરાવેલ અને તે બદલનો ચાર્જ પણ ચુકવી આપેલ તેમ છતાં તેનો કોઈ કાયમી નિરાકરણ આવેલ નહી. અને છેલ્લે આ બધા પ્રસંગો બાદ પણ છેલ્લી જયારે ફ્રિઝ રીપેરીગ તમોને આપી ગયેલ અને પરત લેવા આવતા ફ્રિઝ રીપેરીંગ થયેલ ન હતુ અને ખામી વાળું ફ્રિઝ તે જ પરિસ્થિતીમાં યથાવત હોય હાલમાં પણ તે ફ્રિઝ તમોના કબજામાં છે. આમ ઉપરોકત ફ્રિઝ પ્રથમથી જ ઉત્પાદીય ખામી વાળું હોય તેના રીપેરીગ કરવામાં આવે તો પણ તેનું કોઈ કાયમી નિરાકરણ છે જ નહી. આથી અમોને ઉપરોકત પીસ આ જ મોડલનો બીજો બદલી આપી આ પીસ પાછો લેવામાં આવે એ પ્રકારની માંગ અમો તમો બંન્ને પાસે કરતા તમોએ અમારી માંગણીનો સંતોષકારક જવાબ આપેલ ન હોયઆમ તમોએ ગ્રાહકની સેવામાં ખામી પહોંચાડેલ હોય આ નોટીસ આપવાની જરૂર ઉભી થઈ છે.

(૩) આથી આ નોટીસ આપી જણાવવાનું કે, આ નોટીસ મળેથી દિન–૭ માં ઉપરોકત તમો તમામે અમો અસીલે ખરીદેલ ફ્રિઝ જે હાલમાં તમોના કબજામાં છે તે પરત લઈ આ મોડલનું આટલી જ કેપેસીટી વાળું અને આજ કલરનું પેટીપેક ફ્રિઝ નવી ગેરેન્ટી વોરેન્ટી વાળું અમો અસીલને ત્યાં મુકી આવવુ અને તે બદલની અરસ–પરસની પાવતીઓ મેળવી લેવી.

જો આપશ્રી ઉપર મુજબનું વર્તન કરવામાં કસુર યા વિલંબ કશો તો દિન–૭ વિત્યે થી ગ્રાહક તકરાર નિવારણ કમિશન ભરૂચ ખાતે તમો તમામ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવશે. એટલું જ નહી જરૂરી પડયે થી કન્ઝુમર હેલ્પ લાઈનમાં ગાંધીનગર અને દિલ્હી ખાતે રજુઆત કરવામાં આવશે અને અખબારી માધ્યમો ધ્વારા અખબારોમાં પણ ગ્રાહકની વેદના વ્યકત કરવામાં આવશે. અને તે સંજોગોમાં થનાર તમામ ખર્ચ, નુકશાન અને પરિણામની સંપૂર્ણ જવાબદારી તમોની રહેશે.

તારીખ–૧૫–૦૬–૨૦૨૩

સ્થળ–ભરૂચ

અસીલની સુચના અને ફરમાઈ અન્વયે

મારી મારફતે

એડવોકેટ

જગદીશકુમાર ગોહિલ

.................................

અસીલની સહી